# જિલ્લામાં સરપંચ પદ માટે ૫૦ અને સભ્યપદ માટે ૫૮ ફોર્મ ભરાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૧૭૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના આજે બીજા દિવસે ૫૦ સરપંચ પદ માટેના ઉમેદવારોએ અને વોર્ડના સભ્ય પદ માટે ૫૮ ઉમેદવારો મળી ૧૦૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં સરપંચ પદ માટે ૧૮ અને સભ્યપદ માટે ૨૨, દહેગામમાં સરપંચ પદ માટે ૨૪ અને સભ્યપદ માટે ૩૦, કલોલમાં સરપંચ પદ માટે ૧ જ્યારે માણસા તાલુકામાં સરપંચ પદ માટે ૭ અને સભ્યપદ માટે ૬ ઉમેદવારી પત્રો ભરાયા હતા.

૪થી ડિસેમ્બર ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. ગ્રામીણ વિસ્તારમાં ધીમી ગતિએ ચૂંટણીજવર પકડાઈ રહ્યો છે. જો કે આગામી બે દિવસમાં આ ગતિમાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. હજુ ગ્રામ્ય વિસ્તારોમાં બેઠકોનો સિલસિલો ચાલી રહ્યો છે. જિલ્લામાં ગત વખતે ૧૬ પંચાયતો સમરસ થઈ હતી. જો કે આ વખતે સમરસ ગ્રામ પંચાયતો થવાને લઈ હજુ સસ્પેન્સ પ્રવર્તી રહ્યુ છે. તંત્રએ પણ પંચાયતો સમરસ થાય તે માટેના પ્રયાસો કરવામાં આવે તેવી સલાહ પણ આગેવાનો સાથેની વાતોમાં આપી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આ વખતે પંચાયતની ચૂંટણીમાં યુવાઓ અને નવા ચહેરાઓ વધુ જોવા મળશે તેવા સંકેતો મળી રહ્યા છે. આ ચૂંટણીને વિધાનસભા ચૂંટણી પહેલાની સેમીફાઈનલ ગણવામાં આવી રહી છે એટલે પ્રત્યક્ષ રીતે ચૂંટણી નહિ લડતા રાજકીય પક્ષો પણ પરોક્ષ રીતે આમાં રસ લઈ રહ્યા છે.

ગાંધીનગર તાલુકામાં શાહપુર, ઉનાવા, પીંપળજ, પિંડારડા, ઉવારસદ, વડોદરા, આલમપુર, દો.વાસણા, મોતીપુરા, ધણપ, સોનારડા, વિરાતલાવડી ગામોમાં ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળેલ છે. જો કે હજુ મોટા ગામોમાં ઉમેદવારી પત્રો ભરાયા નથી.

દરમ્યાન જિલ્લામાં પંચાયતોની ચૂંટણીને તંત્રએ વિવિધ કામગીરી માટે નોડલ ઓફિસરોની નિયુક્તી કરી દીધી છે તેમજ આદર્શ આચારસંહિતાના અમલ માટેની સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે.

## સેક્ટર૨-૧માં રહેતા નિવૃત્ત ઉચ્ચ અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં આ મહિનામાં કોરોનાના કેસોની સંખ્યા ૧૧ પર પહોંચી છે. આજે મળી આવેલા આ કેસને પગલે સઘન સર્વેલન્સની સૂચનાઓ તંત્રએ દોહરાવી છે.

મળતી વિગતો મુજબ સે. ૧ માં રહેતા એક નિવૃત્ત અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ નિવૃત્ત અધિકારીએ એક સપ્તાહ પહેલાં ભરૂચની મુલાકાતે હતા.

સે. ૧ માંથી કેસ મળતાં તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અંગેની સૂચનાઓ દોહરાવી તંત્રના કર્મચારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ નિવૃત્ત અધિકારીએ વેક્સિનના બન્ને ડોઝ લઈ લીધા છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નોંધાયેલા કેસ સાથે હાલ ૩ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે જ્યારે ૮ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે જો કે આ વખતે હોસ્પિટલાઈઝેશન રેટ નહિવત છે. તંત્રએ વેક્સિન અભિયાનને સઘન બનાવવા પણ જણાવ્યુ છે.

## મનપાની નવી કચેરીમાં અગવડતાઓ વધુ હોવાથી છ શાખાઓનું સ્થળાંતર અટક્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેની છ જેટલી શાખાઓને નવી કચેરીમાં ખસેડવાનો નિર્ણય આજે સ્થગિત કરવામાં આવ્યો છે.

નવી કચેરીમાં ફર્નિચર સહિતની કામગીરી બાકી છે અને તે પૂરી થવામાં હજુ ૪ માસ જેટલો સમય લાગે તેમ છે. જો કે અહિયાં જે શાખાઓને નેટ અને અન્ય સુવિધાઓની જરૂરિયાત નથી તેવી ઓળખી કઢાયેલી છ જેટલી શાખાઓ ખસેડવાનો નિર્ણય લેવાઈ ગયો છે.

શનિવારથી આ શાખાઓનું શિફટીંગ પણ શરૂ કરવામાં આવ્યુ હતુ. જો કે મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે મેયર સહિતના પદાધિકારીઓએ અગવડતા વચ્ચે કચેરીઓ સિફ્ટ ના કરવી જોઈએ તેવો મત વ્યક્ત કરતાં શિફટીંગ માટેના ફર્નિચર ભરેલા ડમ્પરો આજે મનપાની મૂળ કચેરીમાં પરત ફર્યા છે. મનપાની નવી કચેરીમાં નેટ, ફોન, એ.સી. તેમજ ફર્નિચરની કામગીરી બાકી છે. ફર્નિચર માટે એજન્સીના ટેન્ડરો આવી ગયા છે અને ટૂંકમાં જ નિર્ણય થશે. આ બધુ કરવામાં ૪ માસ જેટલો સમય જશે એટલે નવા ફર્નિચર સાથે જ કચેરીઓ એક સાથે હવે શરૂ કરવામાં આવશે.

## સ્થાયી સમિતિની ૨જીએ બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની રચનાના ૪૦ દિવસ બાદ તેની બીજી બેઠક ૨જી ડિસેમ્બરના રોજ સ્થાયી સમિતિના ખંડમાં મળશે.

જસવંતભાઈ પટેલના ચેરમેન પદે મળનારી આ સ્થાયિ સમિતિમાં ૧૧ જેટલા મુદ્દાઓ પર નિર્ણય લેવામાં આવશે. આ બેઠકમાં જુના અને કન્ડમ થયેલા વાહનોના સ્થાને નવા વાહનો ખરીદવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં મનપાના કમિશનર તેમજ ત્રણના મ્યુનિ. કમિશનર માટે નવા વાહનો ખરીદવા ઉપરાંત મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં બે ક્લાર્કને આઉટસોર્સીંગથી ભરવા માટેનો પણ નિર્ણય લેવામાં આવશે.

## ગિફ્ટ સિટીની મુખ્યમંત્રીએ મુલાકાત લઈ વિવિધ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી

**ગિફ્ટ સિટીમાં ઇન્ફ્રાસ્ટ્રકચર સહિતના અન્ય અદ્યતન સુવિધા વૃદ્ધિ કાર્યો માટે રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે ફોલોઅપમાં રહી ત્વરાએ ઉકેલ લાવવા મુખ્યમંત્રીનું સૂચન**




ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગિફ્ટ સિટીની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટ્સ તેમજ ગતિવિધિઓની તલસ્પર્શી જાણકારી મેળવીને હાથ ધરાયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ ભૂપેન્દ્ર પટેલની ગિફ્ટ સિટીની આ પ્રથમ મુલાકાત અને સમીક્ષા બેઠકમાં મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી પણ જોડાયા હતા.

મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ પંકજકુમાર, ગિફ્ટ સિટીના ચેરમેન સુધિર માંકડ, એમ.ડી. તપન રે સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો, અધિકારીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા.

ગિફ્ટ સિટીના ચેરમેન સુધિર માંકડે મુખ્યમંત્રીને ગિફ્ટ સિટીના શરૂઆતના તબક્કાથી લઈ વર્તમાન કાર્યોનું વિવરણ પ્રેઝન્ટેશન દ્વારા આપ્યુ હતું તથા ભાવિ આયોજનોનો વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો.

## શહેરમાં વાદળિયુ વાતાવરણ એકાદ દિવસમાં માવઠાની શકયતા

**વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ઠંડીનુ જોર ઘટયુ ગરમી વધી : રાત્રિ અને સવારે સુસવાટા મારતા પવનના લીધે ઠંડક : આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણના લીધે ઠંડક પ્રસરી**

ગાંધીનગર તા ૩૦

શિયાળાની મોસમ દરમિયાન ઠંડીના પારાની સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. એકધારી ઠંડી પડતી નથી જયારે દર બે ચાર દિવસે બેવડી ઋતુનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. જયારે ઠંડીની મોસમમાં વારંવાર વાતાવરણ પલ્ટો જોવા મળી રહ્યો છે. થોડા દિવસો અગાઉ પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણાના લીધે ઠંડીની મોસમે પલ્ટી મારી હતી. જો કે હજુ શિયાળાની મોસમ જામી નથી જેના લીધે લઘુત્તમ તાપમાન પણ ૧૨ ડીગ્રીની પાર જોવા મળે છે. એકપણ વાર ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં પહોંચ્યો નથી ત્યારે આજે ફરી એકવાર વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળોના લીધે એકાદ દિવસમાં માવઠુ થશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આજે વાતાવરણ પલ્ટા વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં અડધા થી એક ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૬. ૫ ડીગ્રી સુધી રહેતા વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી પરંતુ સુસવાટા મારતા પવનના લીધે રાત્રિના અને સવારના સમયે નગરજનો ઠંડક અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં આજે વાતાવરણ પલ્ટા વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન એક ડીગ્રીના વધારા સાથે ૩૧.૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૦.૫ ડીગ્રીના વધારા સાથે ૧૬.૫ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જેના લીધે વાદળિયા વાતાવરણના અંતે પણ ઠંડીનુ જોર ઘટી ગયુ હતુ. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણના

● અનુસંધાન પાન-૬ પર

### વરસાદની વિપરિત અસરથી ખેતપાકોને રક્ષણ આપવા ખેડુતોને સુચનો

હાલ શિયાળાની ઠંડીના દિવસોમાં આકાશે અષાઢ ચઢયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ત્યારે વાતાવરણ પલ્ટાના લીધે વરસાદ પડવાની સંભાવના છે. આ સ્થિતિના લીધે ખેતીપાક ઉપર પણ ખતરો મંડરાઈ રહ્યો છે. જયારે બદલાતા હવામાનના લીધે ખેતપાકો પર થતી વિપરિત અસરથી બચવા માટે કૃષિવિભાગે ખેડુતોને કેટલાક સાવચેતીના પગલા લેવા સુચનો કર્યા છે. જેમાં ઘઉં, રાયડો અને દિવેલાના પાક સંબંધિત અવસ્થાને અનુલક્ષી ખેડુતોને કૃષિસલાહના કેટલાક મુદ્દાઓ તરફ ધ્યાન કેન્દ્રીત કરવા સુચવાયુ છે. જેમાં ઉભા પાકમાં પિયત અને દવા છંટકાવ માટે રાહ જોવી, કપાસના પાકમાં તૈયાર રૂની વીણી જલદીથી પુર્ણ કરવા, ખેતરમાં ઉભા પાકમાં વરસાદનુ પાણી ભરાઈ ના રહે તે માટે પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવી આ ઉપરાંત પાકની કાપણી કરી હોય તો વરસાદથી પાક ભીંજાય નહીં તેના માટે કાપણી કરેલા પાકને ગાડાઉન કે સુરક્ષિત જગ્યાએ રાખવા માટે કાળજી કરવી અનિવાર્ય હોવાનુ પણ જણાંવાયુ છે.


## પાવન સ્મરણ



**અશોકભાઈ ગણાત્રા**

મહાપ્રયાણ - ૨૮ નવેમ્બર ૨૦૨૧

મરણ અહિં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

વ્હાલા પપ્પાને...

ઉષ્માભરી... કડક મીઠી... વ્હાલભરી ચા...
એટલે તમારા માટેની ચાહ... પપ્પા...

હું એક મુસાફર નિર્ભય થઈ...
સાંજ-સવાર ચાલુ છું...
બુદ્ધિનું ગજુ શું રોકે મને...
અંતરના ઈશારે ચાલુ છું...

- જનક ગણાત્રા (પુત્ર)
- કાવ્યા થાનકી (દોહિત્રી)
- ગૌરાંગ થાનકી (જમાઈ)
- રુચિ થાનકી (પુત્રી)

"જય જલારામ સાહેબ..."

- સોહાગ ગણાત્રા...

- ઓમ શાંતિ -


# નવા વેરિયન્ટની દહેશત વચ્ચે આઠ મહાનગરોમાં છુટછાટમાં કોઈ વધારો નહિ

**રાત્રિ કર્ફ્યૂમાં સરકાર દ્વારા કોઇ છુટછાટ અપાઇ નથી : રાત્રે ૧થી સવારે ૫ સુધી કર્ફ્યુ : કોરોનાના આફ્રિકન વેરિયન્ટ ક્રોમિયમની દહેશત વચ્ચે સરકાર હજી પણ કોઇ છુટ આપવાનાં મુડમાં નથી લાગતી**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં આસમાની સુલ્તાની જોવા મળી રહી છે. ત્યારે રાજયની આઠ શહેરોમાં કર્ફ્યૂ યથાવત્ત લેવામાં આવ્યો છે. રાત્રી કર્ફ્યૂમાં સરકારે ફરી એકવાર વધારો કરી દીધી છે. હાલમાં રાજ્યમાં કોરોનાના કેસ ૩૦-૫૦ ની વચ્ચે છે. પરંતુ કોરોનાના આફ્રિકન વેરિયન્ટ ક્રોમિયમની દહેશત વચ્ચે સરકાર હજી પણ કોઈ છુટ આપવાનાં મુડમાં નથી લાગતી. જેના પગલે સરકારે જુના નિયમોમાં કોઈ જ છુટછાટ આપ્યા વગર તમામ નિયમો યથાવત્ત જ રાખ્યા છે. રાત્રિ કર્ફ્યૂમાં સરકાર દ્વારા કોઈ જ છુટછાટ અપાઈ નથી. ૮ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ યથાવત્ત રહેશે. એટલે કે રાત્રે ૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યૂ રહેશે. દિવાળી સમયે રાત્રી કર્ફ્યુમાં આપેલી ૧ કલાકની છુટ જો કે સરકારે યથાવત્ત રાખી છે. એટલે કે હવે રાત્રે ૧૨ વાગ્યાના બદલે ૧ વાગ્યે કર્ફ્યૂ અમલી થશે. જો કે લગ્ન માટે કોઈ જ રાહત આપી નથી. જુના નિયમ અનુસાર ૪૦૦ લોકોની હાજરીમાં જ લગ્ન કરી શકાશે. આ લગ્નની સરકારનાં ઓનલાઈન પોર્ટલ પર નોંધણી કરાવવી ફરજીયાત રહેશે. અત્રે નોંધનીય છે કે, કોરોનાની સ્થિતિને ધ્યાને રાખીને સરકાર દ્વારા આ નિર્ણય લેવાયો છે.


## ૯૦માં જન્મદિને સ્મરણાંજલિ



**રમણલાલ મંગળદાસ વાળંદ (લિમ્ડીયાવાળા)**

જન્મ તા. ૧/૧૨/૧૯૩૨ ● સ્વર્ગવાસ તા. ૧૨/૪/૨૦૨૧

આપશ્રીના આજના સુવર્ણમય જન્મદિને તમારી યાદ અકબંધ છે. પરિવારમાંથી આપની વસમી વિદાય કદીએ વિસરી શકાય તેમ નથી. આંખો હજુયે નિહાળે છે તમને, અંતર હજુયે પોકારે છે તમને, યાદો તમારી આવે છે અમને, ઉદાર દિલ દાતા, નિઃસ્વાર્થ, સેવાભાવી, પરોપકારી, સમાજ હિત ચિંતક તમો હતા. પુરુષાર્થ કરી શુન્યમાંથી સર્જન કરી પરિવાર માટે પુષ્પો પાથરી ગયા. પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી. પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું. પરમાર્થ જેમની ભક્તિ હતી. ધર્મ ક્યારેય ભુલ્યા નથી. વ્યવહાર ક્યારેય ચુક્યા નથી.

**આવા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...**

— હૃદયસ્પર્શી —

રાજેન્દ્ર રમણલાલ પારેખ (પુત્ર)
મહામંત્રી, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬
આરતી રાજેન્દ્ર પારેખ (પુત્રવધુ)
ગૌરાંગ રાજેન્દ્ર પારેખ (પૌત્ર)
નિમિષા ગૌરાંગ પારેખ (પૌત્રવધુ)
જયશ્રીબેન એમ. પારેખ (પુત્રી)

વિહાન ગૌરાંગ પારેખ (પ્રપૌત્ર)
ધિયાંશ ગૌરાંગ પારેખ (પ્રપૌત્ર)
ડિમ્પલ આર. શર્મા (પૌત્રી)
હેતલ આર. શર્મા (પૌત્રી)
કિંજલ જી. લિમ્બાચીયા (પૌત્રી)


## સે-૧૭ માં અદ્યતન સદસ્ય નિવાસના નિર્માણ માટે ૯ માળના ૧૨ ટાવર બનશે

**સદસ્ય નિવાસ સમિતિએ સે-૧૭ માં સ્થળ મુલાકાત લઇ સમીક્ષા બેઠક યોજી : આગામી બજેટ સત્ર દરમિયાન ભુમિપુજન કરાશે : માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદી**

ગાંધીનગર તા ૩૦

સે-૧૭ માં અદ્યતન એમ એલ એ કવાટર્સ બનાવાનુ આયોજન કરાયુ છે. ૨૮ હજાર ચો મી ની વિશાળ જગ્યામાં રૂ ૧૪૦ કરોડના ખર્ચ ૯ માળના કુલ ૧૨ ટાવરો ઉભા કરાશે. જેમાં ચાર બેડરૂમ, સહીત ૯ રૂમ બનાવવામાં આવશે. જેમાં રીડીંગ રૂમ, હોલ , કિચન, ડાઈનીંગ રૂમ, ડ્રાઈવર રૂમ સહીતની સુવિધા ઉભી કરાશે. એમ એલ એ કવાર્ટસની સદસ્ય નિવાસ સમિતિએ આજે સ્થળ મુલાકાત લઈ એક સમીક્ષા બેઠક યોજી હતી જયારે આ દરમિયાન માર્ગ મકાન મંત્રીએ આગામી બજેટ સત્ર દરમિયાન નવા સદસ્ય નિવાસનુ ભુમિપુજન કરવાની જાહેરાત પણ કરી હતી.

**અદ્યતન એમ એલ એ કવાટર્સના નિર્માણ પાછળ રૂ ૧૪૦ કરોડનો ખર્ચ થશે : ચાર બેડરૂમ સહીત રીડીંગ રૂમ અને ડ્રાઇવર રૂમ પણ બનશે : સદસ્ય નિવાસ લીફ્ટ , લેન્ડ સ્કેપ ગાર્ડન, ઓડિટોરિયમ, કોમ્યુનિટી હોલ, હેલ્થ કલબ , કેન્ટીન સહીતની સુવિધાઓથી સજ્જ રહેશે**



ગાંધીનગરમાં ધારાસભ્યો માટે નવા અદ્યતન આવાસોનુ નિર્માણ કરવા માટે યોજના તૈયાર કરાઈ છે. સે-૧૭ માં નવા આવાસો બાંધવા માટે નિર્ણય લેવાયા બાદ હવે આ વિસ્તારમાં સ્થિત જુના અને જર્જરિત સરકારી આવાસો તોડવાનુ આયોજન પણ કરાયુ છે. જયારે આ સ્થાને ૨૮ હજાર ચો મી ની ખુલ્લી જગ્યામાં નવા અદ્યતન એમ એલ એ કવાટર્સ બનાવાશે. આ કાર્યયોજનાને અનુલક્ષી આજે સદસ્ય નિવાસ સમિતિએ સ્થળ મુલાકાત લઈને સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. સદસ્ય નિવાસ સમિતિ દ્વારા મકાનના બિલ્ટ અપ એરિયા વધારવાની માંગણી કરવામાં આવી હતી જયારે માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદીએ આ માંગણીનો સ્વીકાર કર્યો છે. જેના અંતે સે-૧૭માં ૨૮ હજાર ચો મી ની વિશાળ જગ્યામાં રૂ ૧૪૦ કરોડના ખર્ચે ૯ માળના કુલ ૧૨ ટાવરો તૈયાર કરાશે. આ આવાસમાં ચાર બેડરૂમ, સહીત કુલ ૯ રૂમ તૈયાર કરાશે જેમાં રીડીંગ રૂમ, હોલ, કીચન,

● અનુસંધાન પાન-૬ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com